**૧૧ માં એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૩૧ (નેગો.ઈ.એકટ કોર્ટ), અમદાવાદ સીટી**

---

**ફોજદારી કેસ નં. 45070-2019**

**<u>આંક–૧ તળે હુકમ</u> :–**

**ફરીયાદી માસ ફાયનાન્સ સામે નોન કોમ્પ્લાયન્સ સબબ સી.આર.પી.સી. ૨૫૬ અન્વયે તથા સમન્સ ટ્રાયલમાં ફરીયાદીની બેદરકારી બદલ ફાઈલ રેકર્ડ પરથી કાઢી નાખવા સબબ હુકમ :–**

સદર કામે રેકર્ડ જોતા કેસ ઘણા વર્ષ જુનો હોય, આરોપી અન્ય જિલ્લાના એટલે કે સ્થાનિક જયુરીસ્ડીકશન બહારના રહેવાસી હોય લાંબા સમયથી મુળ કેસ બજવા માટે રહેલ હતો અને મુળ ફરીયાદી કેસ દાખલ થયાના થોડા સમયમાં શાખા છોડી ગયાનું ફાયનાન્સ કંપનીની જાણમાં હોવા છતાં ઘણા વર્ષો બાદ ફરીયાદી બદલવાની અરજી આપતા અથવા તો કેટલાક કેસોમાં તેવી અરજી પણ આપેલ નથી એટલે કે મુળ ફરીયાદી ઘણા વર્ષો પહેલા મુળ ફરીયાદી કંપની છોડી ગયેલ છે અને રેકર્ડ પર ઘણા બધા કેસોમાં ફરીયાદી બદલવાની અરજી સને ૨૦૨૩ તથા ૨૦૨૪ માં કોસ્ટ ભરવાની શરતે અરજી મંજુર થયેલ છે. અને પુરતો સમય જે તે સમય જે તે હુકમ વખતે આપેલ હોવા છતાં હુકમ પાલનની દરકાર લીધેલ નહતી તથા અત્રેની કોર્ટમાં માર્ચ મહીનામાં તેવો કેસો છ મહીના ઉપરાંતથી હુકમ પાલનથી રાખેલ હોય સૌ પ્રથમ અત્રેની કોર્ટ મારફતે જાણ કરેલ છે. ત્યારબાદ એપ્રિલ મહીનામાં રૂબરૂની લેખિત નોટીસ કરી હુકમ પાલન માટે સમય આપવામાં આવેલ હોવા છતાં હુકમ પાલનની દરકાર લીધેલ નથી અને તેવી નોટીસ તા.૮/૪/૨૫ તથા તા.૧૭/૪/૨૫ ના રોજ ઈન જનરલ રૂબરૂ જાવક નંબરથી મોકલી આપેલ છે. ત્યારબાદ અંતિમ તક રૂપે હાલની કંપનીના જવાબદાર વ્યકિતને તા.૨૫/૪/૨૫ ના રોજ કોમ્પ્લાયન્સ માટે રૂબરૂ બોલાવી તા.૩૦/૪/૨૫ સુધી યોગ્ય નિર્ણય લેવા સુચના તથા અંતિમ તક આપેલ છે. આજ રોજ હુકમના પાલન સામે કોઈ અપીલ કોર્ટમાંથી હુકમ આવેલ નથી કે કોઈ મુળ હુકમનું પાલન થયેલ નહતું. આજ રોજ તેવા કેસો બાબતે કોર્ટમાં હાજર તમામ પ્રતિનિધિઓને પુછતાં પાલન કરેલ ન હોય તેવું રેકર્ડ પર જણાતું હોય, ઉપરોકત સંજોગોમાં સમન્સ ટ્રાયેબલ કેસોની જોગવાઈઓનું અપાલન તથા મુળ ફરીયાદી ઘણા વર્ષો પહેલા કંપની છોડી ગયેલા હોઈ આજ રોજ તમામ કામો બોર્ડ પર રાખી અંતિમ વખત પુછ પરછ બાદ હાલની ફરીયાદ અપાલન તથા લીગલ ઈન્ફરમીટીથી પીડાતી હોય ફરીયાદ રેકર્ડ પરથી કાઢી નાખવાનો આજ રોજ હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ અમદાવાદ મુકામે તારીખ ૩૦ મી એપ્રિલ, ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તા.૩૦/૪/૨૫

(**જે.એસ.શાહ**)
૧૧માં એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
નેગો.ઈ.એકટ કોર્ટ નં.૩૧, અમદાવાદ સીટી